# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) ચૂંટણી જાહેર થતા જ બિહારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી.

2) ભારતે, કતાર ખાતે ડિજિટલ અને નાણાકીય સહયોગ માટે યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ UPIને લોન્ચ કર્યું.

3) નારકોટિક્સ કંટ્રોલ બ્યુરો અને સીમા સુરક્ષા દળે ભારત અને નેપાળ સરહદ પર ડ્રગ્સની હેરફેર રોકવા માટે સંકલન બેઠક કરી.

4) ટ્રમ્પે પહેલી નવેમ્બરથી અમેરિકામાં આવતા માલવાહક ટ્રક પર 25% ટેરિફની જાહેરાત કરી.

5) ઉત્તરપશ્ચિમ ભારતમાં આજે ભારેથી અતિભારે વરસાદ અને કરા પડવાની સંભાવના.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AAP-BIHAR-FIRST-LIST

ભારતના ચૂંટણી પંચે બિહાર વિધાનસભાની ચૂંટણીનું સમયપત્રક જાહેર કર્યું છે.

ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે, 243 સભ્યોની વિધાનસભા માટે ચૂંટણી આ વર્ષે 6 અને 11 નવેમ્બરના રોજ બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કામાં, 121 વિધાનસભા બેઠકો પર મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં, 122 બેઠકો પર મતદાન થશે.

આમ આદમી પાર્ટીએ આગામી બિહાર વિધાનસભા ચૂંટણી માટે 11 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પાર્ટીએ બેગુસરાય મતવિસ્તારથી ડૉ. મીરા સિંહ, બાંકીપુરથી ડૉ. પંકજ કુમાર, ગોવિંદગંજ બેઠક પરથી અશોક કુમાર સિંહ અને ફુલવારી વિધાનસભા મતવિસ્તારથી અરુણ કુમાર રજકને મેદાનમાં ઉતાર્યા છે. બેનીપટ્ટી વિધાનસભા બેઠક પરથી શુભદા યાદવ, કસ્બાથી ભાનુ ભારતીય અને કિશનગંજ વિધાનસભા મતવિસ્તારથી અશરફ આલમને પણ ટિકિટ આપવામાં આવી છે.

# BIHAR CODE OF CONDUCT

ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે જ બિહારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે, રાજ્યમાં સાત કરોડ ૪૩ લાખ મતદારો માટે ૯૦ હજાર ૭૧૨ થી વધુ મતદાન મથકો બનાવવામાં આવશે. બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠકો છે. મુખ્ય ચૂંટણી

કમિશનરે સાત રાજ્યોમાં આઠ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણીની પણ જાહેરાત કરી હતી.

આ વિધાનસભા બેઠકોમાં જમ્મુ અને કાશ્મીરમાં બડગામ અને નાગરોટા, રાજસ્થાનમાં અંતા, ઝારખંડમાં ઘાટસિલા, તેલંગાણામાં જુબિલી હિલ્સ, પંજાબમાં તરનતારન, મિઝોરમમાં ડંપા અને ઓડિશામાં નુઆપાડાનો સમાવેશ થાય છે. પેટાચૂંટણીઓ ૧૧ નવેમ્બરે યોજાશે અને મતગણતરી બિહારની ચૂંટણી સાથે થશે.

## REVIEW CAMPAIGN

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું છે કે દેશભરમાં સંપૂર્ણ સમીક્ષા ઝુંબેશ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું...

(બાઇટ - જ્ઞાનેશ કુમાર)

બિહારમાં, વિધાનસભા ચૂંટણી પહેલા, પંચે એક ખાસ સમીક્ષા ઝુંબેશ હાથ ધરી હતી જેમાં ૬૯ લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. તેમાં ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ અને બહુવિધ મતદાર ઓળખ કાર્ડ ધરાવતા લોકોનો સમાવેશ થતો હતો.

સુધારણા પછી, બિહારમાં માન્ય મતદારોની સંખ્યા હવે ૭૪.૩ લાખ થઈ ગઈ છે. રાજ્યમાં ૬ અને ૧૧ નવેમ્બરે મતદાન થશે. મતગણતરી ૧૪ નવેમ્બરે થશે.

# CM AIR FORCE

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાતના ગાંધીનગર સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ ખાતે ભારતીય વાયુ સેનાની ૯૩મી વર્ષગાંઠની ઉજવણી થઇ હતી.**

**આ પ્રસંગે મુખ્યમંત્રીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે ઈન્ડિયન એરફોર્સના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ સફળતાપૂર્વક અંતરિક્ષ મિશન પૂર્ણ કરીને જે મોટો કિર્તિમાન સ્થાપ્યો છે તે વાયુ સેનાની આ ૯૩મી વર્ષગાંઠને વિશેષ ગૌરવ અપાવનારી ઘટના છે.**

**(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GIR SOMNATH

ગુજરાતના ગીરમાં રાષ્ટ્રપતિની મુલાકાતને લઈને ગીર અભયારણ્યના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત સાવજનું વેકેશન સાત દિવસ ટૂંકાવામાં આવ્યું છે.

દર વર્ષે 15 ઓક્ટોબરથી ગીર જંગલ પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકાતું હોય છે પરંતુ આગામી શનિ રવિ રાષ્ટ્રપતિની સંભવિત મુલાકાતને ધ્યાનમાં લઈને આ વખતે સાત ઓક્ટોબર અને મંગળવારથી ગીર જંગલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

નાયબ વનરક્ષક મોહન રામે જણાયું હતું કે મંગળવારે સવારે પ્રવાસીઓની પહેલી જીપ્સીને જંગલના રૂટ ઉપર સિંહ દર્શન માટે મોકલાયો છે. દરમિયાન રાષ્ટ્રપતિ આગામી 10 અને 11 સાસણ અને સોમનાથ આવે તેવી સંભાવના છે

# PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે દોહાના લુલુ મોલમાં ભારતના યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) ને લોન્ચ કર્યું.

આ પ્રસંગે શ્રી ગોયલે જણાવ્યુ કે ભારત અને કતાર વચ્ચે ડિજિટલ અને નાણાકીય સહયોગમાં એક નવો સીમાચિહ્નરૂપ છે. upi થકી આ બે દેશ વચ્ચેની સરહદ પાર વધતા વિશ્વાસનું પ્રતીક છે અને બંને દેશોમાં નાગરિકો અને વ્યવસાયો માટે વ્યવહારોની સરળતા વધશે.

તેમણે ઉમેર્યું કે આ પહેલ ઝડપી, ઓછા ખર્ચે નાણાંની લેવડ દેવળ માટે UPI ને “મોડેલોમાં વિશ્વાસનું પ્રતીક” ગણાવ્યું. નવ વર્ષ પહેલાં લોન્ચ કરાયેલ, UPI ભારતની સૌથી મોટી ડિજિટલ સફળતાની ગાથા બની છે. જે દેશના

ડિજિટલ ચુકવણીના 85 ટકા અને વૈશ્વિક ડિજિટલ વ્યવહારોના લગભગ અડધો હિસ્સો ધરાવે છે. વાર્ષિક 640 અબજથી વધુ વ્યવહારો સાથે, UPI ફિનટેક ટેકનોલજીમાં ભારતનું નેતૃત્વ મોખરે રહશે.

# NCB-SSB-DRUGS

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) અને સશસ્ત્ર સીમા બલ (SSB) એ ભારત-નેપાળ સરહદ પર ડ્રગ હેરફેરને અટકાવવા માટે સંકલન વધારવાનો નિર્ણય લીધો છે.

NCB ના ડિરેક્ટર જનરલ અનુરાગ ગર્ગ અને SSB ના DG સંજય સિંઘલે ગઈકાલે નવી દિલ્હીમાં આ બાબતે ચર્ચા કરી હતી. બેઠકનું ધ્યાન ગુપ્ત માહિતીની આપ લે અને વાસ્તવિક સમયનું સંકલન, સંયુક્ત કામગીરી અને ક્ષમતા નિર્માણ પહેલ, અસરકારક પ્રતિબંધ માટે SSB ની સરહદ હાજરીનો લાભ લેવા અને સરહદ પારની દાણચોરીને રોકવા માટે NCB-SSB સિનર્જીને મજબૂત બનાવવા પર હતું.

બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે પ્રતિબદ્ધતા, ટ્રાફિકિંગ નેટવર્કને રોકવા અને સંવેદનશીલ સરહદી સ્થળો પર દેખરેખ વધારી યુવાનોને ડ્રગના દુરૂપયોગથી બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે .

# VIKAS SAPTAH

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજકીય ક્ષેત્રમાં 25 વર્ષની સિદ્ધિને ઘરે ઘરે પહોચાડવા આજથી ગુજરાત સરકાર દ્વારા 15મી ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે. ગુજરાતમાં વિકાસ પ્રતિજ્ઞા લેવાશે.**

**પ્રસ્તુત છે એક અહેવાલ....**

## (VC-HARSHAL PANDYA)

*(આજથી શરૂ થઇ રહેલા વિકાસ સપ્તાહ દ્વારા રાજ્યની વિકાસ યાત્રાને અવિરત રાખી "નાગરિક પ્રથમ અભિગમ" સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના ભાગરૂપે ઉજવણી કરાશે.. રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહ"ની ઉજવણી દરમિયાન વિવિધ વિષયો પર ઉજવણી કરાશે.જેમાં કુલ ૧૦ વિભાગોની સહભાગીદારીતા સાથે ૧૩ જેટલા વિષયોનો સમાવેશ કરાયો છે. આ પ્રત્યેક દિવસની વિવિધ થીમ સાથે ઉજવણી કરાશે. આ સમયગાળા દરમિયાન યુવા, મહિલા, ખેડૂતો સહિત રાજ્યના તમામ વર્ગોની સહભાગીદારીતા સુનિશ્ચિત કરવાનું પણ આયોજન કરાયું છે. જેમાં વિધાનસભાના પ્રાંગણમાં મુખ્યમંત્રી, મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. આ જ સમયે રાજ્યના ૩૪ જિલ્લાઓમાં પણ કલેક્ટર કચેરી અને અન્ય સરકારી કચેરીઓમાં, શાળા-કોલેજોમાં 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' લેવામાં આવશે. વધુમાં આ પ્રતિજ્ઞાને વ્યાપક સ્વરૂપે લઈ જવા માટે My.Gov.પોર્ટલ પરથી મોટી સંખ્યામાં ઓનલાઈન પ્રતિજ્ઞા લઈ શકે તે સુનિશ્ચિત કરાશે. આ કાર્યક્રમ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વિકાસ સપ્તાહની વિધિવત શરૂઆત કરવામાં આવશે.*

*હર્ષલ પંડ્યા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# TRUMP-TARIFFS

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે પહેલી નવેમ્બરથી અન્ય દેશમાંથી અમેરિકામાં આવતા તમામ મધ્યમ અને ભારે-માલવાહક ટ્રક પર 25 ટકા ટેરિફ લાદશે.

યુ.એસ ટ્રકિંગ ઉદ્યોગ રાષ્ટ્રીય અર્થતંત્રનો આધાર સ્તંભ છે, જે લગભગ 73 ટકા સ્થાનિક માલસામાનનું પરિવહન કરે છે. યુએસ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા અનુસાર, લગભગ બે મિલિયન અમેરિકનો ભારે અને ટ્રેક્ટર-ટ્રેલર ટ્રક ડ્રાઇવરો તરીકે કામ કરે છે, જેમાં ઘણા વધુ મિકેનિક્સ અને સપોર્ટ સ્ટાફ તરીકે કાર્યરત છે. કસ્ટમ દ્વારા ટોચના પાંચ આયાત દેશો મેક્સિકો, કેનેડા, જાપાન, જર્મની અને ફિનલેન્ડ છે.

હાલમાં, જાપાન અને યુરોપિયન યુનિયન સાથેના હાલના વેપાર કરારો હેઠળ, યુએસ હળવા-ડ્યુટી વાહનો પર 15 ટકા ટેરિફ લાદે છે, પરંતુ નવા નિર્ણય પછી તે દર મોટા વાહનો પર 25 ટકા લાગુ થશે કે કેમ તે સ્પષ્ટ નથી.

# WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને દિલ્હી NCR માં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

વેસ્ટન ડિસ્ટર્બન્સના કારણે, આજે ઉત્તરપશ્ચિમ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદ અને કરા પડવાની સંભાવના છે. હવામાન વિભાગે ઉત્તર પૂર્વ, હિમાચલ

પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી પણ કરી છે.

હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસ માટે બિહાર, છત્તીસગઢ, પૂર્વ રાજસ્થાન, ઝારખંડ, કેરળ, માહે, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

---

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- બિહારમાં ચૂંટણીની જાહેરાત અને ત્રણ વૈજ્ઞાનિકોને મેડિકલનું નોબલ પ્રાઈઝ ફ્રાંસના પીએમના રાજીનામાના સમાચારોને તમામ અખબારો એ પ્રથમ પાને સ્થાન આપ્યું છે
- સંદેશની હેડલાઈન છે. બિહાર 6-11 નવેમ્બર વોટીંગ, 14 નવેમ્બરે પરિણામ
- ગુજરાત સમાચાર લખે છે.. બિહારમાં બે તબક્કામાં ચૂંટણી 14 નવેમ્બરે પરિણામ
- ગુજરાત સમાચારની અન્ય હેડલાઈન છે. સુપ્રીમમાં સીજેઆઈ ગવાઈ પર જુતુ ફેકવાનો પ્રયાસ
- નવગુજરાત સમયે અન્ય અહેવાલમાં લખ્યું છે.. મેડિસિન નોબલ પુરસ્કાર 2025 માટે બ્રેન્કો, રામ્સડેલ અને સાકાગુચિની પસંદગી કરાઈ